

TERA TUJAKO ARPAN
YOGANJALI
YOGANJALI

અસદ્ રૂપમાંથી મને સદ્ રૂપમાં લઈ જા,
તમસમાંથી મને જ્યોતિમાં લઈ જા,
મૃત્યુમાંથી મને અમૃતત્વમાં લઈ જા,
ૐ શાંતિ ! શાંતિ ! શાંતિ !
- (ઉપનિષદ્)



અમારી પ્રાર્થના છે કે આપની શાશ્વત ચેતના
સાથે અમે અમારી જાતને એકરૂપ
કરી દઈએ અને એ રીતે અમે અમૃતત્વ શું છે
તે સાચી રીતે જાણતા થઈએ.
- શ્રી માતાજી

## અનુક્રમણિકા...

**સંચાલિકાશ્રીની કલમે** ........૨
**યોગાંજલિ એટલે...** ........3
**શૈક્ષણિક પ્રવૃત્તિ** ........૫
યોગાંજલિ પ્રાથમિક શાળા ........૫
યોગાંજલિ કુમાર છાત્રાલય ........૬
વિદ્યાર્થી સહાય યોજના ........૬
યોગાંજલિ વિદ્યાવિહાર ........૭
**મહિલા સશક્તિકરણ** ........૮
વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર ........૮
માતૃઘર ........૮
ગ્રામોદ્યોગ સંકુલ દ્વારા રોજગારી ........૯
**આરોગ્ય** ........૧૦
નેશનલ એઈડ્સ કંટ્રોલ પ્રોગ્રામ ........૧૦
**અન્ય વિશેષ પ્રવૃત્તિ** ........૧૦
બાળ અધિકારોનું સંરક્ષણ ........૧૦
બી.સી.આઈ.કાર્યક્રમ ........૧૧
**સર્વોદય પ્રવૃત્તિ** ........૧૨
**પૂર્ણ કરેલી કામગીરી** ........૧૩
**શ્રી અરવિંદ યોગ કેન્દ્ર** ........૧૪
**ટ્રસ્ટી મંડળ** ........૧૪
**યોગાંજલિમાંથી મેળવ્યું નવું જીવન** ........૧૫
**સંસ્થાની જરૂરિયાત** ........૧૬
**પ્રવૃત્તિઓની ઝલક** ........૧૮
**કોલેજ પ્લેસમેન્ટ** ........૨૪
**યોગાંજલિ રજીસ્ટ્રેશન** ........૨૫

સંચાલિકાશ્રીની કલમે...

# તેરા તુજ્કો અર્પણ



મારા આત્મીયજન,

ભલે આપણે જાણીએ કે ન જાણીએ, સ્વીકારીએ કે ન સ્વીકારીએ પણ જરૂર કોઈ વૈશ્વિક ચેતના-ભગવદ્‌સત્તા વિશ્વમાં પ્રકાશિત છે, જે માનવને જીવવા માટેની પ્રેરણા આપે છે. સંઘર્ષ-તકલીફ-અપેક્ષા-ઉપેક્ષા-તડકો-છાંયડો આ બધામાંથી એ ભગવદ્‌સત્તા માનવને પસાર કરે છે અને છેવટે "વરસત કોઈ અમિમય કરુણા". એ અમિમય કરુણામાંથી જ જન્મ થયો "યોગાંજલિ" નો. યોગાંજલિ એટલે યોગને જીવનની સમગ્રતામાં જીવવો અને બીજાને જીવવા માટે ઉપયોગી થવું. એમાંથી પાંગર્યું શિક્ષણ, સંસ્કાર અને ઉદ્યોગનું ભાથું. અહીં આવનાર બાળકોને, બહેનોને, યુવાનોને કંઈક આપી શકાય તેવો નમ્ર પ્રયત્ન થઈ રહ્યો છે. કેટલું સારું (સત્યમ્), કેટલું કલ્યાણકારી (શિવમ્), કેટલું સુંદર (સુંદરમ્) તે તો સ્થળ જ કહી શકે !

સત્યમ્-શિવમ્-સુંદરમ્ જેટલા પ્રમાણમાં હોય તે અમારા ટ્રસ્ટી મંડળની સક્રિયતા, વ્યવસ્થાપક સમિતિની કાર્યદક્ષતા અને કર્મચારીગણની કર્તવ્યનિષ્ઠાને આભારી છે. સર્વના સહયોગનું અત્રે ઋણ સ્વીકારું છું. આપશ્રીને સ્થળની મુલાકાત લેવા અમારું ભાવભર્યું ઈજન છે.

લિ. રમીલાબેન ગાંધી





## ઉદ્દેશ :–

સમાજનાં છેવાડાના અને વંચિત વર્ગનો નાત, જાત, ધર્મના ભેદભાવ વગર શૈક્ષણિક, આર્થિક, સામાજિક અને આધ્યાત્મિક વિકાસ કરીને માનવ જીવન ધોરણ ઊંચું લાવવા મથવું.

## યોગાંજલિ :–

યોગાંજલિ એટલે યોગને જીવનની સમગ્રતામાં જીવવો અને બીજાને જીવવા માટે ઉપયોગી થવું.

"માંગવાનું મને મન ન રહે, ને માત્ર આપવાનું જ ગમે.

સાંત્વના જોઈએ તેને સ્નેહ આપીશ.

સમજણ માંગે તેને જ્ઞાન આપીશ.

મમતા માંગે તેને પ્રેમ આપીશ.

આપીને જ મેળવી, ખાલી થઈને ભરાઈશ..."

આ પ્રાર્થનાને જેમણે પોતાના જીવનમાં મૂર્તિમંત કરી અને આ મહાન આદર્શને જીવનનું ધ્યેય બનાવી તેને સિધ્ધ કરનાર જીવન સાધિકા સુ શ્રી રમીલાબહેન ગાંધીએ ૧૯૭૪ માં યોગાંજલિનો પાયો નાખ્યો. તેમના સાહસ, સંઘર્ષ અને સમર્પણનો સુયોગ એટલે આપણું યોગાંજલિ. માનવ ઘડતરનાં શમણાં સાથે એક સ્ત્રી, અજાણી ધરતી પર, એકલી અટૂલી, સત્તાધીશોની શેહમાં તણાયા વગર, તેમ જ ધનવાનોની પળસી કર્યા વગર કેવું શ્રેષ્ઠતમ સર્જન કરી શકે છે, તેનું મૂર્તિમંત સ્વરૂપ એટલે જ આપણું યોગાંજલિ.

સુ શ્રી રમીલાબહેન તેમના ભાવો વ્યક્ત કરતાં કહે છે કે, "પ્રત્યેક વ્યક્તિના જીવનમાં કસોટી આવે જ છે, પરંતુ માણસ શ્રધ્ધા અને વિશ્વાસથી કદમ ઉઠાવે તો એક કેડી કંડારી નવસર્જન કરી શકે છે. છેવાડાના માણસ સાથે જીવવું, છેવાડાના માણસ માટે કામ કરવું, આવી પ્રેરણા મને સંતો તેમ જ જીવન સાધકો પાસેથી મળી. હું સર્વમંગલમ્ આશ્રમ, સાગોડિયામાં હતી ત્યારે સિધ્ધપુર તાલુકાના દેથળી ગામનાં બાળકો મારી પાસે શિક્ષણ લેતાં હતાં. તે બાળકો પ્રેરણારૂપ બન્યાં અને સિધ્ધપુર તાલુકાના ગણેશપુરા ગામે તળાવના કિનારે ૪.૦ એકર જમીન ટુકડે ટુકડે સરકાર પાસેથી મેળવી. સ્થાનિક સંઘર્ષ નડ્યો. જેને પરિણામે યોગાંજલિને સ્થિર થવામાં ૮ થી ૧૦ વર્ષના વહાણાં વાયી ગયાં. સમય પ્રત્યેક કસોટી લઈને જ આવે છે, તે અનુસાર ગઈ કાલ કરતાં વર્તમાન ઘણું પ્રગતિમય છે. પરંતુ યોગાંજલિએ અંત વગરની પ્રગતિ કરવાની છે. તેને માટે સ્વજનોનો સહકાર અનિવાર્ય છે."

પાટણના વૈભવી પરિવારમાં ૨૪ નવેમ્બર, ૧૯૩૫ ના રોજ જન્મેલા સુ શ્રી રમીલાબહેને બી.એ.સુધીનો અભ્યાસ કર્યો અને અન્ય યુવતિઓની જેમ સુખભર્યું કુટુંબજીવન પસંદ કરવાને બદલે પોતાના સમગ્ર જીવનને સમાજસેવામાં સમર્પિત કર્યું. બાળપણથી જ તેમની ઉપર ગાંધીજી તથા વિનોબાના વિચારો અને શ્રી અરવિંદની વિચારધારાનો પ્રભાવ હતો જેમાંથી પ્રેરાઈ તેમણે ૩૦ વર્ષની વયે ૧૯૬૬ માં પાટણ તાલુકાના સાગોડિયા ગામમાં સેવા, શિક્ષણની ધૂણી ધખાવી સર્વમંગલમ્ આશ્રમની સ્થાપના કરી. ત્યાર બાદ સિધ્ધપુરનાં ગણેશપુરાના નિર્જન, ઉજ્જડ તળાવને કાંઠે યોગાંજલિનું નિર્માણ કર્યું.

સંસ્થાની શરૂઆતમાં શિક્ષણની સાથે સાથે અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ પણ શરૂ કરી. જેમાં ઘરવિહોણા પરિવાર માટે તેમ જ પૂર પીડિતો માટે મકાન, આસપાસના ગામોમાં તળાવ ખોદકામ, રસ્તા મરામત, ગરીબ પરિવારોને અનાજ વિતરણ, મહિલાઓ માટે તાલીમ કેન્દ્ર, નેત્રયજ્ઞો, ગામડામાં બાલમંદિરો, સ્ત્રી શક્તિ જાગૃતિ અંગે મહિલા સંમેલનો તથા પદયાત્રા, યુવક મંડળની રચના, યુવા સંમેલનો વગેરે કાર્યક્રમો કરવામાં આવ્યા.

સંસ્થામાં આર્થિક રીતે પછાત અને વંચિત પરિવારના બાળકો માટે શિક્ષણની તેમ જ રહેઠાણની સુવિધા શરૂ કરી તેમ જ ત્યક્તા, વિધવા, સમાજની ઉપેક્ષિત બહેનોના વિકાસ માટે માતૃઘર અને ગ્રામોદ્યોગ સંકુલ નિર્માણ પામ્યા.

## શૈક્ષણિક પ્રવૃત્તિ

સમાજનાં વંચિત વર્ગના તેમ જ આર્થિક મુશ્કેલી અનુભવતા કુટુંબના બાળકો માટે અને ગ્રામીણ કન્યાઓમાં શિક્ષણરૂપી જ્ઞાનની જ્યોત પ્રગટે તે માટે સંસ્થામાં નીચે મુજબની શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેના દ્વારા બાળકોમાં, સમાજજીવનમાં સુટેવોની કેળવણી, સંસ્કાર ઘડતર અને જીવનમાં ઉચ્ચભાવોનું પ્રગટીકરણ થાય તે માટે વિશેષ શિક્ષણ આપવામાં આવે છે.



### (૧) યોગાંજલિ પ્રાથમિક શાળા :

યોગાંજલિ પ્રાથમિક શાળા એ સન ૨૦૦૦ થી કાર્યરત સ્વનિર્ભર ધોરણે ચાલતી શાળા છે. જેમાં આસપાસના સ્લમ વિસ્તારના બાળકો અભ્યાસ માટે આવે છે. હાલમાં અંદાજે ૨૫૦ બાળકો શાળામાં અભ્યાસ કરે છે. બાળકોના શારીરિક ઘડતર માટે સમયાનુક્રમે ક્વાયત, લેજીમ, ડંબેલ્સના દાવ પણ શીખવવામાં આવે છે. શિક્ષણ ક્ષેત્રે માનસિક વિકાસના હેતુસર ગણિતના કોયડા, વિજ્ઞાનના પ્રયોગો



નિયમિત કરાવવામાં આવે છે. બાળકોમાં સાહિત્યિક જ્ઞાનનો વિકાસ થાય તે માટે નિયમિત બાળઅંક વાંચન, નિબંધ સ્પર્ધા, અક્ષર લેખન હરિફાઈ ગોઠવવામાં આવે છે. જે મહિનામાં જે બાળકોનાં જન્મદિવસ હોય તે બધાનો સમુહમાં જન્મદિવસ ઉજવવામાં આવે છે. દરેક બાળકને સંસ્થા તરફથી ભેટ આપવામાં આવે છે.

## (૨) યોગાંજલિ કુમાર છાત્રાલય :



યોગાંજલિ કુમાર છાત્રાલય ૧૯૭૮ થી ચાલી રહ્યું છે. જેનો મુખ્ય હેતુ આર્થિક તેમ જ સામાજિક પછાત વર્ગના બાળકોને શિક્ષણ પૂરું પાડવાનો છે. છાત્રાલયમાં દરેક વર્ગનાં બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. હાલમાં અહીં ૯૦ બાળકો નિવાસ કરી રહ્યા છે. છાત્રાલયમાં નિવાસ કરતા બાળકો નિયમિત સવારે ૫ વાગે ઉત્થાન કરી પ્રાર્થના તેમ જ કસરત કરતા હોય છે. ત્યાર બાદ વિવિધ ટુકડી દ્વારા તેમને શ્રમકાર્ય સોંપવામાં આવે છે. પછી રોજીંદી ક્રિયાઓ પતાવ્યા બાદ એમના અભ્યાસનો વર્ગ શરૂ થાય છે. આમ અહીં શિક્ષણની સાથે સાથે શ્રમ દ્વારા તેમનું જીવન ઘડતર કરવામાં આવે છે.

અહીં નિવાસ કરતા બાળકોના મનોરંજન માટે વર્ષ દરમ્યાન બે પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. તે ઉપરાંત વિવિધ તહેવારોની ઉજવણી, રૂમ સુશોભન હરીફાઈ, દેશભક્તિ ગીતો, શોર્યગીતો, લોકગીતોની તાલીમ વગેરેનું પણ આયોજન કરવામાં આવે છે.

## (૩) વિદ્યાર્થી સહાય યોજના :

સંસ્થામાં અભ્યાસ કરતા તેમજ અન્ય આર્થિક મુશ્કેલી અનુભવતા વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે સંસ્થા બની શકે તેટલી આર્થિક મદદ કરે છે. આ ઉપરાંત દાતાની સહાયથી શાળાના વિદ્યાર્થીઓને નોટબુક આપવામાં આવે છે અને જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને યુનિફોર્મ પણ આપવામાં આવે છે.

## (૪) યોગાંજલિ વિદ્યાવિહાર :



વિશ્વવિભૂતિ પૂજ્ય મહાત્મા ગાંધીના નઈ તાલીમ અને મહર્ષિઅરવિંદના મૂલ્યનિષ્ઠ શિક્ષણનો સમન્વય સાધીને વર્ષ ૧૯૭૪ માં શરૂ થયેલી શાળા, યોગાંજલિ વિદ્યાવિહાર એ સિધ્ધપુર તાલુકામાં આવેલી એક માત્ર ઉ.બુ.શાળા છે. આ શાળામાં અંદાજે ૪૨ ગામમાંથી આર્થિક પછાત અને દરેક જ્ઞાતિ-વર્ણના બાળકો ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવે છે. શાળામાં અત્યાર સુધીમાં ૨૯૦૦ જેટલા કુમારો અને ૧૦૦૦ જેટલી કન્યાઓ શિક્ષણ પ્રાપ્ત કરી ચૂકી છે. હાલમાં ૯ થી ૧૧ ધોરણમાં કુલ ૩૫૦ જેટલા બાળકો અભ્યાસ કરે છે. શાળામાં સામાન્ય શિક્ષણની સાથે ખેતી, વૃક્ષ વાવેતર અને ઉછેર, પશુપાલન તેમ જ સમાજ નવરચના જેવા વિષયોનું પણ જ્ઞાન આપવામાં આવે છે.

શાળામાં અલાયદી વિજ્ઞાન લેબ, કમ્પ્યુટર લેબ, કૃષિ લેબ, પ્રાર્થના ખંડ, તથા કન્યા વિશ્રાંતિ રૂમ છે. એ ઉપરાંત ECO Club, BURD, GUJCOST, તજજ્ઞ વાર્તાલાપ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, ખેલકૂદ સ્પર્ધાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે નિરંતર ચાલતા રહે છે જેનાથી વિદ્યાર્થીને સંસ્કારયુક્ત-સશક્ત




શિક્ષણ ધ્વારા વર્તમાન સમયમાં મજબૂતાઈથી ઊભો રહેવો તૈયાર કરી શકાય. શાળાના શિક્ષકો દ્વારા આસપાસના ગ્રામીણ વિસ્તારમાં લોકસંપર્ક કરી અને કન્યા કેળવણીનું મહત્ત્વ સમજાવવામાં આવે છે. તાલુકા તેમજ જિલ્લા કક્ષાની વિવિધ હરીફાઈમાં શાળાના વિદ્યાર્થીઓ અગ્રેસર રહીને સંસ્થાનું ગૌરવ વધારે છે.

# મહિલા સશક્તિકરણ :



## (૧) વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર :

આ કેન્દ્રમાં સામાજિક, આર્થિક પછાત અને અભણ બહેનોને કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવે છે તેમ જ તેમના સામાજિક અને કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવે છે. આ ઉપરાંત બહેનોને કારકિર્દીલક્ષી, અભ્યાસલક્ષી માહિતી અને વ્યક્તિત્વ વિકાસ માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. યુવતિઓને શારીરિક, માનસિક અને આરોગ્ય અંગે મુંઝવતા પ્રશ્નોનું સમાધાન કરવામાં આવે છે. સમાજની નિઃસહાય બહેનો પોતાની સમસ્યાનું સમાધાન આ કેન્દ્ર દ્વારા વિના મૂલ્યે મેળવે છે. કેન્દ્રની કાર્યકર્તા બહેનો ગ્રામીણ વિસ્તારમાં ક્ષેત્રિય મુલાકાત દરમ્યાન બહેનો સાથે મિટિંગ કરી બહેનોના અધિકાર માટે જાગ્રત કરે છે. દર વર્ષે અંદાજે ૪૦૦ જેટલી બહેનો આ કેન્દ્રનો લાભ લે છે.

## (૨) માતૃઘર :

માતૃઘર એટલે સાસરેથી તરછોડાયેલી, પિયરથી તિરસ્કારાયેલી અને સમાજથી પણ ઉપેક્ષિત થયેલી બહેનો માટેનું આશ્રય સ્થાન. કોઈ પણ પ્રકારનાં નાત-જાત, ઊંચનીચનાં ભેદભાવ વગર કોઈ પણ સમયે આવેલી બહેનોને અહીં પ્રેમપૂર્વક આવકારવામાં આવે છે અને તેમને ક્ષમતા-પૂર્વક કામ આપી સ્વાશ્રયી જીવન જીવવાની તક આપવામાં આવે છે અને સમાજમાં સન્માનપૂર્વક

જીવન જીવીને ઉમદા કાર્ય કરવા માટે સક્ષમ બનાવવામાં આવે છે. કોઈ બહેન બાળકો સાથે આવે તો તેમના બાળકોના અભ્યાસની જવાબદારી પણ સંસ્થા નિભાવે છે. અત્યાર સુધીમાં ૧૦૦ થી પણ વધુ બહેનોને માતૃઘર દ્વારા જીવનનો નવો રાહ પ્રાપ્ત થયો છે. માતૃઘરના તમામ ખર્ચની જવાબદારી સંસ્થા નિભાવે છે.



### (૩) ગ્રામોદ્યોગ સંકુલ દ્વારા રોજગારી :



ગ્રામોદ્યોગ સંકુલની કામગીરી ૧૯૯૦ થી શરૂ કરવામાં આવી હતી. જેનો મુખ્ય હેતુ સમાજની નિઃસહાય તેમ જ આર્થિક રીતે પગભર થવા માંગતી બહેનોને રોજગારી પૂરી પાડવાનો છે. આ માટે સંકુલમાં બહેનો દ્વારા હાથખાંડના શુધ્ધ માલ મેળવવાનો આગ્રહ રાખતા કાયમી ગ્રાહકો આ મસાલા ખરીદી લે છે. આ ઉપરાંત વિવિધ અથાણાં, લેધર-રેક્ઝીનની બનાવટ, ભરતકામ, સિલાઈકામ, ઘરસુશોભનની વસ્તુઓ તેમ જ વપરાશની વસ્તુઓ જેવી કે ડિટરજન્ટ પાઉડર, ચ્યવનપ્રાસ, વેસેલીન, બામ અગરબતી, મીણબત્તી વગેરેના ઉત્પાદન દ્વારા બહેનો ઘરે બેઠા રોજગારી મેળવી શકે તે માટે નિયમિત તાલીમવર્ગો આયોજીત કરવામાં આવે છે. અત્યાર સુધીમાં અંદાજે ૧૫૦૦ જેટલી બહેનોને તાલીમ પૂરી પાડવામાં આવી છે. તાલીમ લીધા બાદ સ્વરોજગારી મેળવતી બહેનોને સરકારની યોજનાનો લાભ પણ અપાવવામાં આવે છે.

## આરોગ્ય :

### નેશનલ એઈડ્સ કંટ્રોલ પ્રોગ્રામ :

લક્ષિત દરમિયાનગીરી દ્વારા એઈડ્સ અટકાવવા માટે ૨૦૦૧ થી સિધ્ધપુર અને ઊંઝામાં સંસ્થા દ્વારા આ કાર્યક્રમ ચલાવવામાં આવે છે. જેમાં પસંદ કરાયેલા વિસ્તારમાં જાતીય રોગો ધરાવતા દર્દીઓને ઓળખીને તેમની સાથીદારની સારવાર કરાવવામાં આવે છે. ઉપરાંત તેમની અને જોખમી વર્તન કરતા લોકોની સાથે પરામર્શ કરીને તેમની વર્તણુકમાં બદલાવ લાવવામાં આવે છે. સમાજમાં એચ. આઈ. વી. એઈડ્સ તેમ જ જાતીય રોગો અંગે જાગૃતિ આવે તે માટે વિવિધ કાર્યક્રમો ગોઠવવામાં આવે છે. જાતીય વ્યવસાય સાથે જોડાયેલા લોકોનું મંડળ બનાવવામાં આવ્યું છે, તેમને મહેંદી મૂકવી, સિલાઈકામ, અગરબત્તી,પર્સ,શરબત,ફીનાઈલ વગેરે બનાવવાની તાલીમ આપી અન્ય વ્યવસાય સાથે જોડવાનો પ્રયત્ન કરવામાં આવે છે.







## અન્ય વિશેષ પ્રવૃત્તિ :

### બાળ અધિકારોનું સંરક્ષણ :

આ કાર્યક્રમ પાટણ જિલ્લાના ૧૦૦ ગામમાં ચલાવવામાં આવે છે. જેમાં ૬ થી ૧૪ વર્ષના બાળકો, શાળામાં જવાને બદલે બાળમજૂરી અથવા અન્ય પ્રવૃતિમાં જોડાયેલા હોય તેમને શોધીને

તેમના માતાપિતાને સમજાવીને પુનઃ શાળામાં દાખલ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૧૧૦૭ બાળકો શોધ્યા છે જેમાંથી ૬૭૨ બાળકોને ફરીથી શાળામાં દાખલ કરાવેલા છે. આ ઉપરાંત બાળમજૂરી કરતા બાળકોના કુટુંબો તેમ જ અન્ય વંચિત પરિવારો મળીને કુલ ૮૯૬ પરિવારોને સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ અપાવ્યો છે.



### બી.સી.આઈ. કાર્યક્રમ :



આ કાર્યક્રમ પાટણ અને ચાણસ્મા,હારીજ તાલુકાના ૮૦ ગામમાં ચલાવવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ ખેતીના ખર્ચમાં ઘટાડો કરીને વધુ ઉત્પાદન મેળવી, વધુ નફો મેળવી, ઉત્તમ કપાસનું ઉત્પાદન કરવું. આ કાર્યક્રમમાં ૬૦૦૦ ખેડૂતો જોડાયા છે. જેમના ૧૫૦ જુથ બનાવવામાં આવ્યાં છે. આ ખેડૂતોને જમીનના પૃથ્થકરણ માટે જમીનની તૈયારી, ઉત્તમ બીજની પસંદગી, બીજની માવજત, જરૂર પૂરતા જ રાસાયણિક ખાતરનો વપરાશ, પિયતમાં પાણીનો કરકસરયુક્ત ઉપયોગ કરીને પાણીની બચત, પાક સંરક્ષણમાં ઉપયોગમાં લેવાતી હાનિકારક દવાઓનો-પેસ્ટીસાઈડ્સનો મર્યાદિત વપરાશ તેમ જ કપાસના રેસાની

મુદ્દાઓ અંગે તાલીમ આપી તેનું અમલીકરણ કરાવવામાં આવે છે. ખેતરમાં સેન્દ્રિય ખાતર, કીચન ગાર્ડન, માઈક્રોન્યુટ્રિયન્ટ ફેરોમેન ટેપ, સ્પ્રેપંપ વગેરે નિદર્શન પ્લોટ તૈયાર કરી પ્રાયોગિક શિક્ષણ આપવામાં આવે છે. આ કાર્યક્રમમાં જોડાયેલા ખેડૂતોને સરકારની વિવિધ યોજનાનો લાભ પણ અપાવવામાં આવે છે. આ કાર્યક્રમના અમલીકરણથી ખેડૂતોને ખેતીના ખર્ચમાં અંદાજે ૩૫ થી ૪૦% જેટલો ઘટાડો થયો છે અને કપાસના ઉત્પાદનમાં ૫ થી ૧૦% નો વધારો થયો છે.

## સર્વોદય પ્રવૃત્તિ :

ગાંધીજીના સર્વોદયના વિચારોનું બાળકોમાં સિંચન થાય તે માટે વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. શાળામાં સર્વોદય પાત્ર રાખવામાં આવ્યું છે, જેમાં દરરોજ પ્રાર્થના બાદ વિદ્યાર્થીઓ અને કાર્યકર્તાઓ પોતાનામાં સર્વોદયના ગુણોનો વિકાસ થાય તે માટે ઈશ્વરને પ્રાર્થના કરીને, સર્વોદય પાત્રમાં ફાળો આપે છે. આ પાત્ર દ્વારા જે નાણાં એકઠાં થાય છે તેનો ઉપયોગ જરૂરિયાતવાળા બાળકો માટે કરવામાં આવે છે.






## પૂર્ણ કરેલી કામગીરી :

- સંસ્થામાં 'ગાંધી કથા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તા આદરણીયશ્રી નારાયણભાઈ દેસાઈ હતા. કથા દરમિયાન સિધ્ધપુર શહેરમાં ૩૦૦૦ ગાંધીની આત્મકથાનું વેચાણ કરવામાં આવ્યું હતું. તથા શહેરની દરેક શાળા તેમ જ કોલેજના વિદ્યાર્થીઓ સાથે ગાંધીજી વિષે વાર્તાલાપ યોજ્યો હતો.
- મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના આઠ ગામમાં માતા અને સ્વાસ્થ્યનો કાર્યક્રમ ૪ વર્ષ સુધી ચલાવ્યો. જેના દ્વારા આરોગ્યની સેવાઓથી વંચિત રહી ગયેલા લોકો તેમ જ અપુરતી સેવાઓ પહોંચતા વિસ્તાર સુધી આરોગ્યની સેવાઓ ઉપલબ્ધ કરાવી હતી.
- સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનની કામગીરી સિધ્ધપુર તાલુકામાં કરવામાં આવી જે સંદર્ભે ગરીબી રેખા નીચે જીવતા ૨૫૦૦ કુટુંબોને ઘરમાં શૌચાલય બનાવડાવી આપ્યા.

- કન્યા અને સ્ત્રી હિંસા વિરોધી અભિયાન દર વર્ષે ૨૫ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર સુધી ચલાવવામાં આવે છે. શહેરમાં મહિલા સંમેલન, કોલેજ તેમ જ શાળાઓમાં વાર્તાલાપ, રેલી, વિડિયો શો, જાહેર સ્થળે પ્રદર્શન વગેરે દ્વારા સમાજમાં દીકરી તેમ જ સ્ત્રીની હકારાત્મક છબી ઊભી કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.




- સિધ્ધપુર તેમ જ વિસનગર તાલુકામાં દીકરી બચાવો અભિયાન ચલાવવામાં આવ્યું. શહેરની વિવિધ કોલેજો, જ્ઞાતિ મંડળો, સમુદાય તેમ જ મહિલા મંડળો સાથે વાર્તાલાપ યોજ્યા. વિસનગર શહેરમાં મહિલા સંમેલનનું આયોજન કર્યું જેમાં અંદાજે ૨૦૦૦ મહિલાઓ સાથે આ મુદાની ચર્ચા કરી, તેની ગંભીરતા તથા ભવિષ્યના સંભવિત પરિણામ વિશે સમજ કેળવવાનો પ્રયત્ન કર્યો.

વિશેષ...

## શ્રી અરવિંદ યોગ કેન્દ્ર :

શ્રી અરવિંદ યોગ કેન્દ્રની શરૂઆત ૧૯૮૧ માં થઈ. આ કેન્દ્રમાં એક સુંદર ધ્યાનકક્ષ છે. જ્યાં રોજ નિયમિત સંસ્થાનાં તમામ કર્મચારી પોતાનું કામ શરૂ કરતાં પહેલાં પ્રાર્થના, ધ્યાન તેમ જ પુસ્તક



વાંચન કરે છે. સમયાંતરે યોગ તથા ધ્યાન શિબિર આયોજિત કરવામાં આવે છે. છાત્રાલયના બાળકોને નિયમિત યોગ કરાવવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ સ્વાધ્યાય ચાલે છે તેમ જ દર મહિનાની પહેલી તારીખે મંગલ મિલન યોજવામાં આવે છે.

## ટ્રસ્ટી મંડળ


(૧) સુ શ્રી રમિલાબેન ગાંધી, સિધ્ધપુર
(૨) ડૉ. નિશીથ બી.અજાણી, સિધ્ધપુર
(૩) શ્રીમતી લતાબેન એ.કરીમ, મુંબઈ
(૪) શ્રી મનોજભાઈ જે.પટેલ, ગાંધીનગર
(૫) શ્રીમતી પ્રવિણાબેન એમ.રાવ, સિધ્ધપુર
(૬) શ્રી દિનેશભાઈ આઈ.દાણી, અમદાવાદ
(૭) શ્રી પી.જી.પટેલ, અમદાવાદ
(૮) ડૉ. ઈશ્વરભાઈ એમ.પટેલ, સિધ્ધપુર
(૯) શ્રી જોઈતાભાઈ આર.પટેલ, ગણેશપુરા
(૧૦) શ્રી પરબતસિંહ ચૌહાણ, ગણેશપુરા
(૧૧) શ્રીમતી સુધાબેન પી.પટેલ, ગાંધીનગર
(૧૨) શ્રીમતી વર્ષાબેન એસ.શાહ, મુંબઈ
(૧૩) કુ. જીજ્ઞા બી.દવે, સિધ્ધપુર

## યોગાંજલિમાંથી મેળવ્યું નવું જીવન :

### મને હોટલના નોકરમાંથી શિક્ષક બનાવ્યો....

હું આર.ડી.સુમરા, સરકારી આદર્શ નિવાસી શાળા, પાલનપુરમાં અંગ્રેજી વિષયનો શિક્ષક છું. પરંતુ બાળપણમાં હું સિધ્ધપુરની ગુજરાત હોટલમાં વેઈટર હતો. મને યોગાંજલિમાં કે જ્યાં પગ મૂકતાં જ અનોખી શાંતિનો અહેસાસ થાય છે, ત્યાં એક સજ્જન દ્વારા મૂકવામાં ન આવ્યો હોત તો અને પૂ.મોટાબેનની છત્રછાયા, પ્રેમ, હૂંફ, માર્ગદર્શન અને આશ્રય ન મળ્યાં હોત તો આજે ઉપરોક્ત શબ્દોમાં મારો પરિચય ન આપી શક્યો હોત, બલ્કે પોલીસ દફતરે સ્લેટ સાથેની તસવીરમાં મારો પરિચય લખાયો હોત...

લિ.રહીમ ડી.સુમરા

### અને હું કુટુંબને ટેકો કરી શક્યો...

મેં યોગાંજલિમાંથી ૧૦ ધોરણ પાસ કર્યું. ત્યાર બાદ વતનમાં ૧૨ ધોરણ પાસ કર્યું. કુટુંબની આર્થિક સ્થિતિ ખૂબ જ ખરાબ હોઈ ઘરમાં ટેકો કરવા આગળ ભણવાનું માંડી વાળી કામની શોધમાં યોગાંજલિમાં આવ્યો. જ્યાં આગળ ભણવા માટે પ્રોત્સાહન, સહયોગ અને કામ ત્રણેય પૂરા પાડવામાં આવ્યા. અને મેં બી.એ.પાસ કર્યું. હજુ આગળ અભ્યાસ કરવા માટે સંસ્થાએ પુનઃ પ્રોત્સાહિત કરી આર્થિક જવાબદારી ઉઠાવી અને મેં એમ.એસ.ડબલ્યુ. સારા માર્કસ સાથે પૂર્ણ કર્યું. હાલ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ ખાતે સારી પોસ્ટ પર મારી ફરજ બજાવું છું.

લિ.રાકેશ નાયી

### મારાં બાળકો અને પતિ મળ્યા...

મારા પતિ સાથે છૂટાછેડા થયા હતા. મારા બંને બાળકો તેમની પાસે હતાં. દેહવ્યાપાર કરતી એક વ્યક્તિ દ્વારા હું ફસાઈ ગઈ છું એની જાણ થતાં એક સ્વજન બહેન દ્વારા યોગાંજલિ વિષે જાણવા મળ્યું. અને હું સંસ્થામાં આવી. મારી આપવીતી જણાવી. અહીં મને આશ્રય આપ્યો. હું સ્વસ્થ થઈ. મને મારાં બાળકો બહુ યાદ આવતાં હું ખૂબ રડતી અને તેમને મળવા ખૂબ તરસતી હતી.પછી સંસ્થાના

બહેન મારા પતિને મળ્યા અને તેમને સમજાવી, વિશ્વાસ અપાવી મને બાળકોને મળવાની છૂટ મળી. બાળકો ખૂબ નાનાં હતાં તેઓ પણ માનો પ્રેમ ઝંખતાં હતાં. સંસ્થાએ મારા પતિ સાથે સમાધાન કરાવ્યું. અને કાગળ ઉપર થયેલા છૂટાછેડા ને રદ કરાવ્યા. જરૂર પૂરતી ઘરવખરી મને આપી અને મારો સંસાર ફરીથી શરૂ થયો. મારા બંને બાળકો અને પતિ સાથે આજે હું સુખી જીવન જીવી રહી છું.....

લિ.કિરણ ડબઘર

આવા કેટલાય વિદ્યાર્થીઓને તેમ જ નિઃસહાય બહેનોને સંસ્થામાંથી મદદ મળી છે અને તેમણે નવીન જીવન પ્રાપ્ત કર્યું છે.

## સંસ્થાની પ્રવૃત્તિને વેગ મળે તે માટે નીચે મુજબની મદદની અપેક્ષા છે.

### છાત્રાલયની જરૂરિયાત

| | | | |
|---|---|---|---|
| મકાનનું નવીનીકરણ | : | ૩,૦૦,૦૦૦/- | (એક રૂમના ) |
| સંડાસ-બાથરૂમ | : | ૧,૫૦,૦૦૦/- | |
| ભોજનાલય | : | ૫,૦૦,૦૦૦/- | |
| વિદ્યાર્થીઓ માટે પલંગ (૧૦૦ નંગ) | : | ૩૫૦૦/- | (એક પલંગના ) |
| વિદ્યાર્થી દત્તક યોજના | : | ૧૧,૦૦૦/- | (એક વિદ્યાર્થીના ) |
| પાણીની પરબ | : | ૧,૦૦,૦૦૦/- | |
| ઓવર હેડ પાણીની ટાંકી | : | ૭,૦૦,૦૦૦/- | |
| ભોજનતિથિ | : | એક દિવસના : સાદી તિથી : ૧૧,૦૦૦/- | |
| | | મિષ્ટાન તિથિ : ૧૫,૦૦૦/- | |

### શૈક્ષણિક જરૂરિયાત :

| | | |
|---|---|---|
| શાળાનો મુખ્ય પ્રવેશદ્વાર | : | ૧,૦૦,૦૦૦/- |
| હાઈસ્કુલમાં લાયબ્રેરીનું ફર્નીચર | : | ૨,૦૦,૦૦૦/- |
| વર્ગખંડમાં ટેબલ ખુરશી કુલ ૨૦ નંગ | : | ૧,૦૦,૦૦૦/- |

| | | |
|---|---|---|
| પ્રાથમિક શાળા માટે પાટલી ૧૦૦ નંગ | : | ૩,૦૦,૦૦૦/- |
| પ્રાથમિક શાળામાં બોર્ડ ૧૦ નંગ | : | ૩૫,૦૦૦/- |
| લોખંડના કબાટ ૧૦ નંગ | : | ૧,૨૦,૦૦૦/- |
| લાયબ્રેરીના કબાટ ૧૦ નંગ | : | ૧,૨૦,૦૦૦/- |
| સ્ટાફરૂમલોકર ૨ નંગ | : | ૩૦,૦૦૦/- |
| શાળામાં પાણીની પરબ | : | ૧,૦૦,૦૦૦/- |
| સાયન્સ લેબોરેટરીના સાધનો | : | ૧,૦૦,૦૦૦/- |
| પ્રાથમિક શાળા રમત-ગમતના સાધનો | : | ૧,૦૦,૦૦૦/- |
| યોગરૂમઓડીયો-વિડીયો સિસ્ટમ | : | ૫૦,૦૦૦/- |
| પ્રાથમિક શાળા સ્ટાફરૂમફર્નિચર | : | ૨,૫૦,૦૦૦/- |
| કમ્પ્યુટર- ૧૦ નંગ | : | ૨,૫૦,૦૦૦/- |
| શૈક્ષણિક સાધનો | : | ૧,૦૦,૦૦૦/- |
| હાઈસ્કુલના મકાનની મરામત | : | ૫,૦૦,૦૦૦/- |
| હાઈસ્કુલ માટે રૂમ (૪ રૂમ) | : | ૨,૫૦,૦૦૦/- (એક રૂમનાં ) |
| **નિરાધાર બહેનો માટે** | | |
| રહેઠાણ(૧૦ રૂમ) | : | ૨,૫૦,૦૦૦ (૧ રૂમ) |
| **શ્રી અરવિંદ યોગ કેન્દ્ર** | | |
| સાધના રૂમો (૪ રૂમ) | : | ૨,૫૦,૦૦૦ (૧ રૂમ) |
| ધ્યાનરૂમની મરામત | : | ૨,૦૦,૦૦૦/- |
| અતિથિ ગૃહ (૫ રૂમ) | : | ૨,૫૦,૦૦૦/- |

વિદ્યાર્થી સહાય યોજના ફંડમાં આપ આર્થિક સહયોગ આપી શકો છો

**મનની ઉદારતા એ ભારે મોટો ગુણ છે.**
**ઉદાર મનનું લક્ષણ છે, પારકાં-પોતાનાંનો ભેદ ન કરવો. -વિનોબા**

# પ્રવૃત્તિઓની ઝલક...


















# પ્રવૃત્તિઓની ઝલક...

# પ્રવૃત્તિઓની ઝલક...










# પ્રવૃત્તિઓની ઝલક...



યોગાંજલિ વિદ્યાવિહારના
વિદ્યાર્થીઓ દ્વારા સર્વોદય
મેળામાં દર્શાવેલા
મેદાની કાર્યક્રમ



શાળામાં વિદ્યાર્થીઓને
કોમ્પ્યુટર તાલીમ



શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ

# પ્રવૃત્તિઓની ઝલક...

સંસ્થામાં મહેમાનોનું
સ્વાગત





શાળામાં વિદ્યાર્થીઓની
આરોગ્યની તપાસ

બાળઅધિકારોના સંરક્ષણ
કાર્યક્રમઅંતર્ગત ગ્રામીણ
કિશોરીઓની જીવન
કૌશલ્ય તાલીમ



















## પ્રવૃત્તિઓની ઝલક...

Collage Placement

## સંસ્થામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓમાં નીચે દર્શાવેલ કોલેજમાંથી વિદ્યાર્થીઓ તાલીમ માટે આવે છે.

| ક્રમ | કોલેજનું નામ |
|---|---|
| ૧ | સમાજ કાર્ય વિભાગ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી-પાટણ |
| ૨ | સમાજ કાર્ય પારંગત કોલેજ-મોડાસા |
| ૩ | નોર્થ ગુજરાત એજ્યુ.સોસાયટી સંચાલિત એમ.એસ.ડબલ્યુ કોલેજ-પાટણ |
| ૪ | નૂતન વિનય મંદિર એમ.એસ.ડબલ્યુ કોલેજ-પાટણ |
| ૫ | લોક નિકેતન સમાજકાર્ય મહાવિદ્યાલય-રતનપુર |
| ૬ | શ્રી સરસ્વતિ ગ્રામવિદ્યાપીઠ-સમોડા |
| ૭ | ગ્રોમોર ઈન્સ્ટીટ્યુટ ઓફ એમ.એસ.ડબલ્યુ(હિંમતનગર) |
| ૮ | શ્રી સાર્વજનિક એમ.એસ.ડબલ્યુ કોલેજ-મહેસાણા |
| ૯ | ર્ડા.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી-અમદાવાદ |
| ૧૦ | શ્રીમતી એચ.ડી.પટેલ મહિલા બી.એડ્ કોલેજ-સુજાણપુર |
| ૧૧ | શ્રી મોહનભાઈ હ.પટેલ મહાવિદ્યાલય,સમોડા-ગણવાડા |
| ૧૨ | મહિલા ગ્રામવિદ્યાપીઠ-નારદીપુર |
| ૧૩ | નૂતન ભારતી ગ્રામસેવા મહાવિદ્યાલય-મડાણા (ગઢ) |
| ૧૪ | બાબુભાઈ મ.શાહ મહાવિદ્યાલય-ઝીલીયા,તા.ચાણસ્મા |
| ૧૫ | મહિલા એજ્યુકેશન કોલેજ સરદાર ચોક,ઊંઝા |
| ૧૬ | શ્રી શંકર કોલેજ ઓફ એજ્યુકેશન-મણુંદ |
| ૧૭ | પીતામ્બરભાઈ ટી.પટેલ કોલેજ મું.ભાન્ડું |
| ૧૮ | પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી, ગાંધીનગર |

## *Yoganjali Registration :*

- **Registered as Public Charitable Trust :**
  Registration Number : E-613 (Patan)
  Registration Date : 4/6/1975
- **PAN Card Number** : AAATY0228Q
- **Registration Under section 12(A) :**
  Registration Number : Y-11/81-82/V
  Registration Date :21-4-1982
- **Registered Under section 80(G) of Income Tax Act 1961 :**
  Registration Number : CIT/GNR/80G/(5)/PTN-19/2007-08
  Registration Date : 4/3/2009
- **Registration Under Foreign Contribution Regulation Act,2010 (FCRA)**
  Registration Number : 042060049
  Registration Date :23/8/2011

## Support Yoganjali

**(1) On line Transfer to Yoganjali Account :**

Account Holder Name : Yoganjali Kelvani Mandal
Bank Name : Bank of Baroda
IFSC Code : BARBOSIDHPU
Account Number : 01530100004224

**(2) Write a Cheque / Demand Draft on the Name of "Yoganjali Kelvani Mandal"**

**(Donation to the trust is exempted from income tax under 80G.)**

## For further Detail :

**Ramilaben Gandhi**
Director
+91 94265 16393

**Jigna Dave**
Secretary
+91 9898602325
e-mail : davejigna2000@yahoo.com



# Yoganjali Kelvani Mandal

At. Dethali Road, Ganeshpura, Siddhpur - 384151
Phone : (02767) 225503, 224707, 221184, Mo. 94265 16393, 98986 02325
E-mail :- yoganjaliashram@yahoo.co.in., Web : www.yoganjali.org